

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*'વેલેન્ટાઈન ડે' જવાબમાં કોઈ રાખડી બાંધે છે,*
*ભટકેલ ને ખંખેરવા કોઈ રાખડી બાંધે છે.*
*બાંધે રાખડી કોઈ વાત્સલ્ય ભાવમાં ઝબોળીને -*
*બ્હેન વિહોણા શું સમજે કેમ રાખડી બાંધે છે.*
*(સ્નેહ-રક્ષા નાં બંધન છે)*

**હાઈકુ**

*આવી અશુદ્ધિ*
*કલયુગી સંબંધે*
*રક્ષા બંધન...*

*સૂતર તાંતે*
*બંધાય છે વિશ્વાસ -*
*પવિત્ર સ્નેહે....*

### ચિંતન

*અપ્રગલ્ભસ્ય યા વિદ્યા, કૃપણસ્ય ચ યદ્ધવમ્ ।*
*યશ્ચ બાહુબલં મીરોવ્યર્થમેતત્ ત્રયં ભુવિ ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિરત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જે શરીરની વધારે પડતી દરકાર રાખનારો નથી, કુશળતાવાળો છે, ઉદ્યમશીલ છે અને બુદ્ધિપૂર્વક કાર્યનો આરંભ કરનારો છે એને કોઈ પણ કામ સિદ્ધ કરવું મુશ્કેલ નથી.

માણસ નિયમિત, બધી બાબતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી કૌશલ્ય મેળવનાર અને આળશ વિના-ઉત્સાહ અને ધ્રુવપૂર્વક પરિશ્રમથી કાર્ય કરનાર તથા સંપૂર્ણ વિચારથી બુદ્ધિપૂર્વક નિર્ણયથી આયોજન અને અમલ કરનાર વ્યક્તિ હંમેશાં સફળ થાય છે.

### સુવિચાર

- પરખતા તો વ્યક્ત હૈ કભી હાલત કે રૂપ મેં, કભી મજબુરીયોં કે રુપમ મેં, ભાગ્ય તો બસ આપકી કાબિલિયત દેખતા હૈ - **પરવિન બાનુ**
- સુખ કરતાં દુ:ખના પ્રસંગે માણસનું મન વધારે જાગૃત થાય છે - **રમણ મહર્ષિ**
- સ્ત્રીઓને સુખ સાહ્યબી તો જોઈએ છે, પણ લાગણીઓની અવેજીમાં નહીં - **મૃગેશ વૈષ્ણવ**
- વ્યક્તિ પોતાની ભૂલ પર મલકાય ત્યારે સમજી લેવું કે દોષનો ટોપલો કોના માથે ઢોળવવાનો છે તે નક્કી કરી ચૂક્યો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સફળતાથી તુરંત પોરસાઈ જનાર નિષ્ફળતા સામે પ્રતિકારકતા ગુમાવે છે - **રીઝવાન ગુજરાતી**
- 'મા' ને શબ્દોમાં શણગારવાની સાથે સાથે 'મા' ના શબ્દોથી જીવનને શણગારી લઈએ - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : માર લાગવાથી લોહી જામી જતા કાળુ કે ભુરું ચમાકુ દેખાય તો તેના પર કાચું બટેટુ ઘસીને લગાવતા ધીરે ધીરે સામાન્ય થઈ જશે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

જૂના વખતના ઈજિપ્તમાં કેટલાક કેદીઓને આજીવન કેદની સજા થઈ હતી જયારે આ સજા થઈ ત્યારે તેઓ યુવાન હતા. અને જેલમાં રહ્યે રહ્યે તેઓ ઘરડા થઈ ગયા હતા. જયારે રાજયમાં શાસન પલટો થયો ત્યારે આવા ઘરડા કેદીઓને માફી મળી એમને મુક્ત કરવામાં આવ્યા. છુટેલા કેદીઓ પોતાની જાતને મુક્ત ગણી શકતા નહોતા. મુક્તિ એટલે શું? તેઓ ભૂલી ગયા હતા. તેમને માટે તો જેલ જ ઘર અને બેડીઓ જ ઘરેણા હતા. બહાર છૂટેલા કેદીઓમાંના કેટલાક દિવસમાં ફરી પાછા જેલમાં દરવાજે આવીને કહેવા લાગ્યા. કે અમને ફરી જેલમાં આવવા દો આજ અમારું ઘર છે. તેમનું કહેવાનું હતું કે અત્યાર સુધી નો સમય તેમણે બેડીઓ પહેલીને વીતાવ્યો છે તો અમને અમારા હાથપગ હલકા લાગી રહ્યા છે. અમને જેલમાં જ ફાવે છે. કેદી ન હોવા છતાં તેઓ કેદીની જેમ ફરીથી જેલમાં રહેવા તૈયાર હતા. માણસને પણ આજ રીતે પોતાના અવગુણો - ખોટા વિચારો અને ગ્રંથીઓમાં રહેવાની ટેવ પડી જતી હોય છે. તેને એ છોડી શકતો નથી. આદતોના જંગલમાં ફસાયેલો માનવી નસીબની આંગણી પકડીને પણ ચાલી શકતો નથી. તમારી ટેવો જ તમારુ નસીબ બની જતી હોય છે.

# બંધાઈને રાજી થવાનું સમર્પણ પર્વ

**તંત્રીસ્થાનેથી...**

દુનિયામાં કયાંક ન ઊજવાતું હોય એવું ભાઈબહેનના પવિત્ર પ્રેમનું પર્વ આપણા ભારત દેશમાં વર્ષોથી બલકે યુગોથી ઊજવાય છે. આ પર્વ તે 'બંધન' નું પર્વ છે, એમાં એકમેક સાથે જીવનભર લાગણીના રેશમી તંતુથી બંધાઈ પરસ્પરના યોગક્ષેમની રખેવાળી કરવાનો સંદેશ છુપાયેલો છે. રક્ષાબંધનની શ્રાવણીવેળાનો કરીએ એટલો મહિમા ઓછો જ ગણાય. લોકભાષામાં બળવે નામે ઓળખાતી આ શ્રાવણી પૂર્ણિમાએ ભૂદેવો જનોઈ બદલે છે તો વળી ગ્રામીણ વિસ્તારોમાં વરસાદના વરતારા સૂચવતા બળેવિયાનો મહિમા છે. પરંતુ સમગ્રપણે એ ભાઈબહેનના નિર્દોષ સ્નેહસંબંધનું પર્વ છે. ભાઈ હોંશે હોંશે બહેન પાસે રાખડી બંધાવે છે અને આશીર્વાદ માગે છે. બહેન માટે ભાઈથી વધારે મોટી જણસ કઈ હોઈ શકે ? જે ઘરમાં બાળપણ અને કિશોરાવસ્થા વિતાવી એણે પારકું કરીને કોઈ અજાણ્યા લોકો વચ્ચે જિંદગી ગુજારવા જનારી બહેનને કસોટીના સમયે અડધા બોલે પોતાની વહાર કરવા ભાઈ દોડી આવશે એવી અખૂટ શ્રદ્ધા હોય છે. આ શ્રદ્ધાનું મૂલ્ય ત્રાજવે થોડું ઙ તોળી શકાય? મા જણી બહેન ન હોય અને મોં બોલી બહેન હોય તો પણ ભાઈ તરીકે એના દુ:ખમાં ભાગ કરવાની ફરજ સમજી સર્વસ્વ હોમી દેનારા ભાઈઓ આપણા લોક સાહિત્યમાં અમર થઈગયા છે. આવા સમયે ધર્મ સંપ્રદાય પણ આડો નથી આવતો. હૂમાયું અને રાજપૂત રાણીનો જગમશહૂર કિસ્સો જાણીતો છે. માનેલી બહેન માટે જાન ફેસાની કરનારા એભલ વાળાની કથા પણ જાણીતી છે. એથી ય જૂનો કિસ્સો છે. રાક્ષસરાજ બલિનો. બલિરાજા એ ભક્ત પ્રહલાદના વશંજ હતા. એમના તપોબળથી ઈંદ્રાસન ડોલતું લાગ્યું ત્યારે દેવતાઓ વિષ્ણુના શરણે ગયા અને વિષ્ણુ ભગવાને વામન રૂપ લઈ તપસ્વી રાક્ષસ રાજવી પાસે માત્ર સાડા ત્રણ ડગલાં જમીન માગી. બલિ રાજાએ ત્રિલોકનું રાજ અર્પણ કરી દીધા પછી ભગવાનને એમનાં ચરણ પોતાના મસ્તક પર મૂકવા વિનંતી કરી. બધું જ સમર્પિત કરી દઈને પણ બલિરાજા એ જે મેળવી લીધું તે કેટલું શાશ્વત હતું! ભગવાનની પાસે ફરજિયાત ચાર્તુમાસ પોતાની સાથે ગાળવાનું વચન લઈ લીધું, પણ ભગવાનનો સંગાથ મેળવવો એ શક્ય ખરું ? પરંતુ બલિ રાજાના તપ અને ત્યાગથી પ્રસન્ન થઈ ખુદ ત્રિલોકના નાથે એની નિશ્રામાં રહેવાનું સ્વીકાર્યું. બાંધવા ગયા હતા એ પોતે જ બંધાઈ ગયા! આવી વિશિષ્ટ પૌરાણિક ઘટના સાથે સંકળાયેલ રક્ષાબંધન પર્વમાં મૂળે તો પોતાની શુભલાગણીઓ દ્વારા પ્રિયજનની સુરક્ષ અને યોગક્ષેમની જ પ્રાર્થના અને દિલની દુઆ સમાયેલી છે. આવી દુઆ કયારેક કુંતીએ એના લાકડવાયા પૌત્ર અભિમન્યુને આપી હતી અને એનું બંધન તોડવા માટે ખુદ ભગવાન કૃષ્ણને કપટ કરવું પડ્યું હતું. આવી દુઆ પત્ની એના પતિને આપતી રહી છે. 'મારા કેસરભીના કંથ હો, સિધાવો જી રણવાટ!' કહી એ એના યોગક્ષેમનો રેશમી તંતુ બાંધી, ભાવ પર વિજયતિલક કરી એને યુદ્ધના મેદાનમાં વળાવે છે. જો કે આમ 'રક્ષા' અર્થાત્ સુરક્ષા માટેની રાખડી પર છેલ્લાં વર્ષોમાં બહેનોએ એકાધિકાર જમાવ્યો છે પરંતુ ગુરુજનો પણ શિષ્યોને રક્ષાપોટલી બાંધે છે અને આશીર્વાદ આપે છે. જે બંધાય છે એની ફરજ બની જાય છે કે સામેવાળી પવિત્ર વ્યક્તિની પણ જીવનપર્યંત કાળજી લેવી. આમ બંધનનું આ પર્વ પરસ્પરના રક્ષણ અને પ્રગતિનો માર્ગ પ્રશસ્ત કરે છે. રક્ષાબંધન પર્વના આગા દિવસે દુનિયાએ 'વિશ્વમૈત્રી દિન' ઊજવ્યો. ભાઈબહેનનો પ્રેમ એ મૈત્રીની પરાકાષ્ઠા જ છે. એમાં મેળવવા કરતાં આપવાનો વિશેષ આનંદ અને લહાવો સમાયેલો છે. કાચા સૂતરના તાંતણાને ત્રાજવે તોલવાને બદલે એની પાછળ પાછળ સર્વસ્વ હોમી દેવાની ઉચ્ચતર ભાવનાના આ પર્વ નિમિત્તે સૌને હાર્દિક શુભેચ્છાઓ!

# હિટ એન્ડ રન કેસમાં આરોપીને બે વર્ષની કેદની સજા

લર્નીંગ લાયસન્સ પર બેફામ કાર હંકારી યુવકનું મોત નિપજાવના કેસમાં આરોપીને બે વર્ષની સજા ફટકારતી ચિફ મેટ્રો કોર્ટ.

- બેફામ ગતિથી વાહન ચલાવી નિર્દોષ માનવીનો ભોગ લેનાર સામે આઈપીસી ૩૦૨ મુજબ પણ ગુન્હો નોંધી કાર્યવાહી કરવાનું ઠરાવ્યું છે.
- હિટ એન્ડ રનનો સાઅપરાધ મનુષ્યવધની વ્યાખ્યામાં આવરી લઈ આઈપીસી કલમ ૨૭૯ થી ૩૨૩ ના નિયમમાં પણ સુધારો કરવામાં આવેલ છે.



## કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

વારંવાર હિટ એન્ડ રનના કેસો બને છે બેફામ ગતિએ ગાડી હંકારતા લંબરમુછીયા યુવાનો મોતનો શિકાર બને છે અથવાતો નિંદોષ નાગરિકોનો જાન લે છે. આવા જ એક કેસમાં ચિફ મેટ્રોપોલીટન કોર્ટ અમદાવાદના જજશ્રીએ બેફામ ગતિએ ગફલતભરી રીતે ડ્રાયવીંગ કરી એક યુવાનને મોતને ઘાટ ઉતારવાના કેસમાં બે વર્ષની જેલની સજા ફટકારી છે.

કેસની વિગત મુજબ ફેનીલ તથા તેના મિત્રો એકસયુવી કારમાં પાલડી જેવા ભરચક ટ્રાફિકવાળા વિસ્તારમાં બેફામ ગતિથી કાર ચલાવતા કાર ઉપર કન્ટ્રોલના રહેતા ફૂટપાથ ઉપર કાર ચઢાવતા ફૂટપાથ ઉપર સાયકલ રીપેરીંગ કરનાર ગરીબ પરિવારનો યુવકને મોતને ઘાટ ઉતાર્યો હતો યુવકનું સ્થળ ઉપર જ મોત નિપજયું હતું અને અન્ય બે વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી.

૧૯ વર્ષનો ફેનીલ લર્નીંગ લાયસન્સ ધરાવતો હતો પાકું લાયસન્સ તેની પાસે હતુ નહિ તેમ છતાં ૧૭/૭/૨૦૧૭ ના રોજ પોતી લેન્સર કાર લઈ મિત્રો સાથે નિકળ્યો હતો અને ઝડપની મજા માણવા જતા સ્ટીવરીંગ ઉપરનો કાબુ ગુમાવતા કાર ફૂટપાથ ઉપર ચઢી જતા સાયકલ રીપેરીંગ કરી પેટીયુ રળતા આશાસ્પદ યુવકનું મોત નિપજયું હતું. ઘટના સ્થળેથી પોલીસે આરોપી ફેનિલ તથા કારને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરેલ.

કેસ ચાલતા સરકાર પક્ષે સરકારી વકિલે નજરે જોનાર તથા કેસના સાક્ષી તપાસ અધિકારી વિગેરે મળી ૧૨ જણાને તપાસી પૂરતા પુરાવા આરોપી વિરૂધ્ધ રજુ કરી સાબીત કરવામાં સફળ થયેલ કે કાર ફેનિલ જ ચલાવતો હતો અને તેની પાસે લર્નીંગ લાયસન્સ જ હતું પણ કાર ચલાવવાનું પાકુ લાયસન્સ ન હતું. આરોપીની ગુન્હીત બેદરકારીને કારણે ગરીબ યુવકનું મોત નિપજયું છે. આરોપી સામે પ્રથમ દર્શનીય રીતે ગુન્હો સાબીત થાય તેટલા પુરાવા નામદાર કોર્ટમાં રજુ કરતા તથા આરોપી તરફે વકિલ પોતાનો અસીલ નિર્દોષ છે તેમ સાબીત કરવામાં સાક્ષીની ઉલટમાં નિષ્ફળ જતા કોર્ટે રજુ કરેલ પુરાવાને સાક્ષીની જુબાનીને સાચી માની આરોપીની ગફલત ભર્યા ડ્રાયવીંગના કારણે જ યુવકનું મોત નિપજયું છે તેમ માની સાઅપરાધ મનુષ્ય વધનો પણ ગુન્હો બને છે તેમ માની બે વર્ષની કેદની સજા ફરમાવી છે.

જજશ્રીએ ચુકાદામાં નોંધયું છે કે વારંવાર આવા પ્રકારના હિટ એન્ડ રનના ગુન્હા બનતા હોય છે. પૈસાદાર નબીરાઓ બેફામ રીતે પોતાની મોજ મસ્તીમાં ડ્રાયવીંગના નિયમનું કે ટ્રાફિકના નિયમનું ઉલ્લઘંન કરી બેફામ ગતિમાં ગાડી દોડાવી અકસ્માત સર્જતા હોય છે તેથી સમાજમાં દાખલો બેસે અને આવા યુવાનોને ગાડી ના આપવાની સમજ માતા પિતામાં કેળવાય તે માટે પણ સજા યોગ્ય છે. આવા કિસ્સામાં સજા કરવામાં આવે તો કાયદાનો ભય લોકોને લાગે એકની બેદરકારીનો ભોગ અન્ય નિર્દોષ નાગરિકો બને અને તેનો પરિવાર સજા ભોગવે છે કુટુંબમાં કમાવનાર એકના એક દિકરાને ગરિબ પરિવારે ગુમાવ્યો છે જેનું વળતર નાણામાં આંકિ શકાય તેમ નથી.

સરકારે પણ ૨૦૧૬ માં મોટર વ્હીકલ એકટની કલમોમાં સુધારો કરી હિટ એન્ડ રનના ગુન્હામાં આરોપીને બેઈલ ઉપર છોડી મુકવા સામે પણ પ્રતિબંધ ફરમાવ્યો હતો ૨૦૧૭ માં

અનુસંધાન પાના નં. ૭ પર

# મિત્ર હું 'શુન્ય' છું, મને પાછળ જ રાખજે, મારે તો ફક્ત તારી કિંમત વધારવી છે

**આખ્ખો દિવસ ઘડિયાળનાં કાંટામાં કેદ કરેલી ઉદાસી,**
**સાંજે કોઈ પણ રીતે છટકીને મને બેવડા ઝનુનથી વળગે છે**
**- ડૉ. મનોજ જોષી 'મન'**

ફેસબુક, વોટ્સએપ, ટ્વિટર, ઈન્સ્ટા, સ્નેપચેટ આ બધી જ સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ હોવા છતાં વ્યક્તિ આજે અંદરથી કેમ ખાલી અને એકલો રહી જાય છે? આપણી કુટુંબવ્યવસ્થા, અતિવ્યસ્ત જીવનશૈલી, પરિવારના સભ્યો પ્રત્યેની ઉપેક્ષા, અતિમહત્ત્વાકાંક્ષા, કોઈ અણધારી આવી પડેલી મુશ્કેલી આવા અનેક પરિબળો માનસિક હતાશા માટે જવાબદાર છે. રક્ષાબંધનનો તહેવાર એ હવે માત્ર ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું પ્રતિક માત્ર ન રહેતા જીવન જીવવા માટે જરૂરી એવું પીઠબળ સમું બની રહે એ જોવાની આપણા સૌની સહિયારી ફરજ ગણાશ. છેલ્લા થોડા સમયથી વોટ્સએપ અને ફેસબુક તેમજ મીડિયામાં 'બ્યુ વ્હેલ ચેલેન્જ' એટલે કે 'બ્લુ વ્હેલ સુસાઈડ ગેમ' વિષે ઘણી વાર્તા ચર્ચાઈ રહી છે. આપણા બાળકો આ પ્રકારની ઓનલાઈન ગેમ કયારે રમતા થઈ ગયા એની આપણને પોતાને પણ જાણ રહેતી નથી અને જાણ થાય ત્યારે અતિશય મોડું થઈ ગયું હોય છે. આ એક અત્યંત ગંભીર અને શરમજનક બાબત આપણા સૌને માટે છે તેમ માનીને ચાલીશું તો જ તેને અટકાવી શકીશું.

આ એક એવા પ્રકારની રમત છે કે જેમાં મોટાભાગે નબળી મનોદશા ધરાવનારા **Young teenagers** ને ટાર્ગેટ કરવામાં આવે છે. આજથી લગભગ ચારેક વર્ષ પહેલાં રશિયામાં આ પ્રકારની રમતની શરુઆત થઈ. જયારે ત્યાંની સરકારને આ બાબત અંગે માહિતી મળી ત્યારે તેમને આ રમત શોધનારને સજા કરીને જેલમાં મોકલી દીધો. પરંતુ, જે પ્રમાણે આતંકવાદી જૂથ અને સંગઠન ઉંધઈની જેમ ઝડપથી ફેલાઈ જાય છે તે જ રીતે આ રમતમાં મુખ્ય માણસને ગિરફતાર કરવા છતાં નીચેની 'ચેઈન' પોતાની રીતે સક્રિયપણે કાર્યરત રહીને યુવાપેઢીને ખાસ કરીને હતાશ અને ઝડપથી માની જાય એ પ્રકારના યુવાનોને આ રમત રમવા માટે આકર્ષી લે છે. રમત શોધનાર વ્યક્તિ પોતાની આ વિકૃત માનસિકતાને સમાજસેવાનું નામ આપી કહે છે કે, તે આ દ્વારા સમાજમાંથી નબળા અને નકારાત્મક લોકોનો નાશ કરી રહ્યાં છે.

હવે તમને પ્રશ્ન થશે કે તમારી માનસિક સ્થિતિ નબળી છે કે તમે ઉદાસ છો એ બાબતની જાણ આવા લોકોને શી રીતે થતી હશે ? તો આપને જણાવી દઈએ કે આજકાલ વોટ્સએપ, ફેસબુક કે અન્ય નેટવર્કિંગ સાઈટ્સ પર પોતાના મૂડ વિષે, પોતાની નિરાશા વિષે યુવાન મિત્રો સ્ટેટસ મુકતા હોય છે. # કરીને લખવામાં આવતા આવા નિરાશાજનક સ્ટેટ્સ ધરાવતા લોકોનું એક લિસ્ટ આ રમત બનાવનાર કંપની પાસે આવી જાય છે. તેમાંથી વધુ હતાશ અને જલ્દીથી સરળ રીતે ટાર્ગેટ બની શકે તેવા લોકોને શોર્ટલિસ્ટ કરવામાં આવે છે. આપણને ઘણીવાર લાગે કે આજકાલની સ્માર્ટ જનરેશન કઈ રીતે આ પ્રકારના ટ્રેપમાં ફસાઈ જતી હશે પણ આ પ્રકારના લોકો તમારા મનમાં એવી વાત દઢપણે ઠસાવી દે છે કે તમારા દુ:ખ-દર્દ અને તકલીફોને માત્ર તે લોકો જ સમજી શકે છે અને માટે જ ધીરે-ધીરે તમને મા-બાપ, મિત્રો, સગા-સંબંધીઓ આ તમામથી દૂર લઈ જઈને તમને છેક આત્મહત્યા સુધીનું અંતિમ પગલું ભરવા માટે મજબૂર કરે છે. તમારું વોટ્સએપ કે ફેસબુકનું એક નિરાશાજનક સ્ટેટ્સ ધીરે-ધીરે તમને નિરાશાની ઊંડી ખાઈમાં ધકેલી અંતે છેક મૃત્યુ સુધી લઈ જાય છે અને આ તમામ બાબતથી ઘર-પરિવાર કે મિત્રો સંપૂર્ણપણે અજાણ હોય એ ખરેખર વિચારવાયોગ્ય બાબત ગણાય. બહાદુરશાહ પંડિત લખે છે તેમ,



## WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

'આ ધીરજ અને આત્મશ્રદ્ધાનો કોઈ ગાંધી, નેપોલિયન કે તેનસિંગે ઈજારો રાખ્યો નથી. એ બંને તમારી પાસે છે, મારી પાસે છે અને આપણી સૌની પાસે છે; પણ આપણે એને પારખી ને વાપરતા નથી, એનો ઉપયોગ કરતા નથી, તમે કરવા ધારેલું કામ ઘણું મોટું છે, એ જોઈને જ તમે હારી જાઓ તો કદી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ. કામ મોટું છે, તો તમારી આત્મશ્રદ્ધા પણ કયાં નાની છે? તમારી ધીરજ રાખવાની શક્તિને પણ કયાં મર્યાદા છે?'

આજના આ સમયમાં આપણે જયારે આ પ્રકારની પ્રવૃત્તિ થતી જોઈએ ત્યારે તેમાં માનવતા જાણે સાવ મરી પરવારી હોય તેમ અનુભવીએ છીએ. એક સાવ અજાણી વ્યક્તિ આવીને તમારા બાળકને પોતાની જાતને હાનિ કે ઈજા પહોંચાડવાનું શીખવી જાય અને ૫૦ દિવસ સુધી તમારું બાળક આ પ્રકારની રમત રમ્યા કરે અને ઘરના કોઈને જાણ પણ ન થાય તે અત્યંત ખેદજનક બાબત ગણાય. માનસિક તાણ, નિરાશા, એકલવાયું જીવન આ તમામ બાબતો અંગે જયારે અન્ય તકલીફોની જેમ જ સમાજ વાત કરતો થશે ત્યારે જ આપણે તેનો સામનો કરી શકીશું. રક્ષાબંધનના આ પવિત્ર તહેવાર અને ફ્રેન્ડશીપ્સ ડે નિમિત્તે પણ સૌ યુવામિત્રો ભેગા મળીને સંકલ્પ કરે કે આ પ્રકારની કોઈ પણ પ્રવૃત્તિ કરતા તેમની આસપાસના લોકોને અવગણલાને કે ધિક્કારવાને બદલે માનવતાની દષ્ટિએ તેમની સાથે સંવેદનશીલ વ્યવહાર દ્વારા તેમને મૃત્યુની આ ભયંકર રમતનો ભોગ બનતા અટકાવીશું.

**Last Seen :**

**"મિત્ર**
**હું 'શુન્ય' છું.**
**મને પાછળ જ રાખજે,**
**મારે તો ફક્ત તારી કિંમત વધારવી છે."**

- nehalgadhavi101@gmail.com

# કાશ્મીરને 'નજરકેદ' ગણાવતાં મુખ્યપ્રધાન મહેબૂબા મુફ્તીના બગાવતીસૂર

- જમ્મુ-કાશ્મીરમાં પહેલીવાર જમ્મુના ભાજપી હિંદુ અગ્રણી મુખ્યપ્રધાન બને એવા સંજોગો
- પીડીપી-ભાજપનાં મુખ્યમંત્રી કહે છે કે કલમ ૩૭૦ કાઢી નાંખવાની વાત કરે એ રાષ્ટ્રદ્રોહી
- ઈન્સાનિયત, જમ્હુરિયત ઔર કશ્મીરિયતની વાજપેયીની અમરવાણીને બધા યાદ કરે છે
- અબદુલ્લાએ સ્વતંત્ર જમ્મુ-કાશ્મીરનો રાગ આલાપ્યો અને નેહરુએ જ તેમને જેલવાસી કર્યા

ભારત સરકારની નેશનલ ઈન્વેસ્ટિગેટિંગ એજન્સી (એનઆઈએ)એ જમ્મુ-કાશ્મીરની હિંસાને ડામવા એના મૂળમાં જેવોને ઘા કર્યો કે પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) અને ભારતીય જનતા પક્ષની સંયુક્ત સરકારનાં મુખ્યપ્રધાન મહેબૂબા મુફ્તી છળી ઊઠ્યાં છે. જમ્મુ-કાશ્મીરના ભાગલાવાદી નેતાઓનાં નાણાંના સ્ત્રોતની તપાસ કર્યા પછી પૃથ્વી પરના સ્વર્ગ સમા જમ્મુ-કાશ્મીરમાં હિંસક અથડામણો સર્જવાનાં કાવતરાં કરનારાઓને એનઆઈએ દ્વારા જબ્બે કરવાની શરૂઆત કરાઈ છે. કેટલાક નેતાઓને જેલભેગા કરાતાં રાષ્ટ્રીય તપાસ સંસ્થાની કાર્યવાહી સામે વિરોધ ઊઠ્યો છે. નવાઈ તો એ વાતની છે કે દિલ્હીમાં ભાજપના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ની સરકારનો જ ઘટકપક્ષ પીડીપી જમ્મુ-કાશ્મીરમાં ભાજપ સાથે મળીને રાજ કરતો હોવા છતાં 'આઝાદીના વિચાર'ને મુખ્યપ્રધાન મુફ્તી આગળ વધારીને રીતસર ભડકો કરી રહ્યાં છે.

એકબાજુ, મુખ્યપ્રધાન મુફ્તી પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળના જમ્મુ-કાશ્મીરના હિસ્સાના લોકો સાથે વેપાર અને લોકોના આવાગમન માટે વધુ નાકાં ખોલવાની વાત કરે છે, ત્યારે એનઆઈએ અને વડા પ્રધાન કાર્યાલયના જમ્મુ-કાશ્મીરી રાજ્યપ્રધાન ડૉ. જિતેન્દ્ર સિંહ રાષ્ટ્રના હિતમાં સરહદને સીલ કરીને પાકિસ્તાન હસ્તકના જમ્મુ-કાશ્મીર (પીઓજેકે: પાકિસ્તાન ઓક્યુપાઈડ જમ્મુ એન્ડ કાશ્મીર)માંથી આવીને ભારતમાં આતંકી પ્રવૃત્તિઓ કરનારાઓ સામે કડક કાર્યવાહીની અપેક્ષા કરે છે. અગાઉ જમ્મુ-કાશ્મીરને વિશેષ બંધારણીય દરજ્જો આપતી ભારતીય બંધારણની કલમ ૩૭૦ને કાઢી નાંખવાની સંઘ-જનસંઘ-ભાજપની પરંપરાગત માગણી અને મુખ્યપ્રધાન મહેબૂબા સાથીપક્ષ ભાજપ સાથે સરકાર ચલાવતાં હોવા છતાં તેમણે જાહેરમાં કહ્યું કે ૩૭૦ની કલમ કાઢી નાંખવાની વાત કરે એ રાષ્ટ્રદ્રોહી છે. હવે વાત જમ્મુ-કાશ્મીરની બંધારણીય સ્થિતિ પર આવી છે. વિપક્ષના નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન ઓમર અબદુલ્લાએ તો કહ્યું કે મુખ્યપ્રધાને બંધારણી દરજ્જાની વાતે વિવાદ સર્જીને રાજ્યમાં ભડકા કરવાનું ટાળવું જોઈએ. સાથે જ રાજ્યસભાના સભ્ય ડૉ. ફારુક અબદુલ્લાએ આતંકવાદીઓ અને ભાગલાવાદીઓ સામે એનઆઈએની કાર્યવાહીને આવકારી છે.

મહેબુબાની પાર્ટી પીડીપીની સ્થાપના કોંગ્રેસના બાળક તરીકે થઈ છે. મહેબુબાના પિતા મુફ્તી મોહમ્મદ સઈદ મૂળે કોંગ્રેસના નેતા હતા. તેઓ વિશ્વનાથ પ્રતાપસિંહની જનતાદળ સરકારમાં ભારતના ગૃહપ્રધાન હતા. એ જ વખતે કેટલાક ત્રાસવાદીને જેલમુક્ત કરવાના 'નાટક તરીકે' (જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ રહેલા લેફ્ટ. જનરલ એસ. કે. સિંહાના પુસ્તક 'મિશન કશ્મીર'માં નોંધાયા મુજબ) ૧૯૮૯માં મુફ્તીની દીકરી રૂબિયાનું અપહરણ થયું હતું. એને છોડાવવા માટે કેટલાક ખૂનખાર ત્રાસવાદીઓને મુક્ત કરાયા હતા. બસ, ત્યારથી રાજ્યમાં આતંકવાદ બેપાંદડે થયો. હિંસા વધી. કાશ્મીરી પંડિતોએ મોતથી બચવા માટે રાજ્ય છોડીને અન્યત્ર જવાની ફરજ પડી હતી. એ નિર્વાસિત કાશ્મીરી પંડિતો હજુ પાછા ફરતા નથી.

વર્ષ ૨૦૧૪માં જમ્મુ-કાશ્મીરની કુલ ૮૭ (વત્તા બે નામનિયુક્ત) બેઠકોની ચૂંટણી થઈ. ચૂંટણીમાં ભાજપનું નેશનલ કોન્ફરન્સ કે પીડીપી સાથે જોડાણ નહોતું. વડા પ્રધાન મોદીએ અબદુલ્લા પરિવારને બાપ-બેટાની અને મુફ્તી પરિવારને બાપ-બેટીની પારિવારિક રાજનીતિ પર ખૂબ ચાબખા માર્યા હતા. આમ છતાં જયારે પીડીપીને ૨૮, ભાજપને ૨૫, નેશનલ કોન્ફરન્સને ૧૫ અને કોંગ્રેસને ૧૨ બેઠકો મળી એટલે કે કોઈ એકપક્ષને સ્પષ્ટ બહુમતી નહીં મળતાં પીડીપી અને ભાજપની 'ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના મિલન સમી' (મુફ્તી સઈદના શબ્દોમાં) સંયુક્ત સરકાર બનાવાઈ. રાજકીય દૃષ્ટિએ પરિપક્વ મુફ્તીએ અગાઉની અટલબિહારી વાજપેયીના નેતૃત્વમાં ભારત સરકારે કાશ્મીરકોકડું ઉકેલવા માટે 'ઈન્સાનિયત, જમ્હુરિયત ઔર કાશ્મીરિયત'નો જે મંત્ર આપ્યો હતો, એનું અનુસરણ નવી પીડીપી-ભાજપ સરકાર થકી થાય એવો આગ્રહ સેવ્યો. વિધાનસભાના અધ્યક્ષ તરીકે ભાજપએ આગ્રહ સેવીને કવીન્દ્ર ગુપ્તાને પસંદ કરાવ્યા. રખેને સંયુક્ત મોરચામાં કોઈ ભંગાણ પડે તો વિધાનસભાના અધ્યક્ષ ભાજપના હોવાથી અનુકૂળ નિર્ણય થઈ શકે. મુખ્યપ્રધાન પદે મુફ્તી અને એમના નિધન પછી મહેબૂબા મુફ્તી આવ્યાં. નાયબ મુખ્યપ્રધાનપદે ભાજપના ડૉ. નિર્મલ સિંહ રહ્યા. વિપક્ષી નેતાના હોદ્દે નેશનલ કોન્ફરન્સના ઓમર અબદુલ્લા ચૂંટાયા હતા. ચૂંટણી પૂર્વે વડા પ્રધાન મોદીએ ચૂંટણી જાહેરસભાઓમાં કલમ ૩૭૦ અંગે ડિબેટની રાષ્ટ્રવ્યાપી આવશ્યક્તા પ્રતિપાદિત કરવા પર ખૂબ ભાર મૂક્યો હતો. ચૂંટણી પરિણામોમાં કાશ્મીર ઘાટીમાં તમામ બેઠકો પર મુસ્લિમ ઉમેદવારો ચૂંટાયા. સ્વાભાવિક રીતે તેમાંના બહુમતી પીડીપીના હતા. જમ્મુ અને લડાખ ક્ષેત્રમાંની મોટાભાગની બેઠકો પર ભાજપના હિંદુ કે બૌદ્ધ ઉમેદવાર જીત્યા. સ્થિતિ એવી બની કે ઘાટીમાં મુસ્લિમો અને જમ્મુ-લડાખમાં હિંદુ-બૌદ્ધ ચૂંટાતા સંયુક્ત સરકારમાં સંતુલન જાળવવામાં આવ્યું. સાથે જ ચૂંટાયા પછી ૩૭૦ની કલમ અંગે ચર્ચા કે પુનર્વિચારની માંડવાળ કરવામાં આવી, પણ મહેબૂબા મુફ્તી ૩૭૦ની કલમ અંગે પુનર્વિચાર કે જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જામાં ફેરફારની વાત કરનારને રાષ્ટ્રદ્રોહી ગણાવતાં રહ્યાં. હમણાં તો તેમણે ૩૭૦ કલમ અને કલમ ૩૫ (અ) અંગે ફેરફાર કરાશે તો રાજ્યમાં કોઈ ત્રિરંગો લહેરાવશે નહીં, એવું કહીને તો હદ કરી નાંખી. આમ પણ મુખ્યપ્રધાન મુફ્તી મોહમ્મદ સઈદ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભામાં રાષ્ટ્રધ્વજ અને જમ્મુ-કાશ્મીરનો ધ્વજ એમ બેઉ ધ્વજ ફરકાવવામાં આવતા હતા. અપેક્ષા એ હતી કે રાજ્યને મુખ્યધારામાં લાવવાની દિશામાં ભાજપ સાથે સરકાર ચલાવતા પક્ષો પણ સહયોગ આપશે. પરંતુ અજંપાભરી સ્થિતિમાં કાશ્મીરકોકડું ઉકેલાતું નથી અને એમાં નવા તણખા નવા ભડકા સર્જે છે.



## અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

રાજ્યમાં મોટાભાગનો સમય કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સનું શાસન રહ્યું છે. 'શેર હમારા મારા હૈ, અબદુલ્લાને મારા હૈ'નો નારો

અનુસંધાન પાના નં. ૭ પર